સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

મોઢું ફાડીને બેઠી છે મોંઘવારી - વાઘ બારસ!
વેટ-જીએસટીનાં, વરૂ ટાંપી બેઠાં - વાઘ બારસ!
ચાટે કાંટાળી જીભે ચૂંટણી પણ - વાઘ બારસ!
ગાયનાં સ્વરૂપમાં સંતાઈ આવી - વાઘ બારસ!

પર્ણકુટિમાં - પરિશ્રમનાં તેલે - પ્રગટે દીવા

સેવા ની ખાલે સરકારી ગૂફામાં બેઠી બારસ...

ચિંતન

પરિક્ષ્યકારિણી શ્રીશ્ચિર તિષ્ટતિ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સ્થળકાળની કસોટી કરી કાર્ય કરનારને ત્યાં લક્ષ્મી દીર્ઘકાળ પર્યન્ત રહે છે.

કોઈ પણ કાર્યનો પ્રારંભ પહેલાં સ્થળકાળની પૂર્ણ કસોટી કરી, એ કાર્યને આગળ ધપાવનાર વ્યક્તિને ત્યાં લક્ષ્મી લાંબો સમય રહે છે. લક્ષ્મીનો સ્વભાવ આમેય ચંચળ છે એટલે તે કોઈને પણ ત્યાં ઝાઝો સમય ટકતી નથી. પરંતુ આવા વ્યવહાર પટુ માનવીને ત્યાં તે લાંબા સમયગાળા સુધી રહે છે.

કોઈ પણ કાર્ય, કેવી રીતે કરવું તે કાર્યનું પરિણામ શું આવશે - એ પરિણામની અસર કોને - કેટલી થશે ! કાર્ય પૂરું થશે કે નહીં - આ બધાનો વિચાર કર્યા પછી જ કાર્યનો પ્રારંભ કરવો જોઈએ.

સુવિચાર

- ભવિષ્યકાળની ભૂતિ એ વર્તમાનકાળનો બગાડ છે - **શાસ્ત્રીજી મહારાજ**
- જયારે માણસની જહેમત ને તક સાંપડે છે ત્યારે નસીબનો જન્મ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મૃત જીવન કરતાં જીવંત મૃત્યુ સારું - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ઘડિયાળની ટીક ટીક એકધારી કાને પડે તો સમજવું કે તમારી પાસે સમય જ સમય છે - **કાજલ ઓઝા**
- માણસે પણ થોડા થોડા સમયાંતરે પોતાના 'સ્વાવલંબન'નો સેલ્ફી લેતા રહેવું જોઈએ - **રાજુ અંધારિયા**
- તમારા ભવિષ્યનું નિર્માણ તમારા ખુદની તાકાત ઉપર કરો નહીં કે બીજાઓની નબળાઈ ઉપર - **ફ્રેંકલીન રૂઝવેલ્ટ**
- આજનું ઔષધ : જાયફળને સરસિયાના તેલમાં ઘસી માલીશ કરવાથી જકડાયેલા સાંધા છૂટા પડે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

સંત એકનાથને ત્યાં મધરાતે બે ચોર ચોરી કરવા પેઠા. આમ તો કંઈ મળે તેમ નહોતું એટલે વાસણ તથા બીજી ઘર વખરી ભેગી કરી, ઘર મંદિરમાં ભગવાનની મૂર્તિ પણ ન છોડી જયાં ભાગવા જતાં હતા ત્યાં એકનાથે બુમ પાડી. 'અરે ભાઈ, ઊભા રહેજો.' બે ચોરને થયું હવે પકડાઈ જઈશું તો શિક્ષા થશે... ત્યાં એકનાથે કહ્યું, 'ભાઈ, ગભરાશો નહીં. હું જાણું છું કે તમે ચોરી કરવા આવ્યા છો. અને હું તમને પડકારવા માટે નથી આવવાનો. પણ અહીં આવો મારી પાસે એક પંચધાતુની લોટી છે. તે પણ લઈ જાઓ તમને એના પર પૈસા ઉપજશે.' એકનાથની આવી વાત સાંભળી બેવ ચોર આશ્ચર્ય પામ્યા. અને એકનાથને બેવ ચોર પગે લાગ્યા. ચોરીની બધઈ વાત એકનાથને કહી દીધી. ઘરવખરી નો બધો માલ પરત આપ્યો અને માફી માંગી. એકનાથે તરત પત્ની ગીરીજીભાઈને જગાડ્યા અને ચોરોને માટે ભોજન તૈયાર કરાવ્યું અને રવાના કર્યા.

ચોરોએ જતી વખતે એકનાથને વચન આપ્યું કે હવે તેઓ કદી ચોરી નહીં કરે, મહેનત કરી ગુજરાન ચલાવશે અને પ્રભુભજન પણ કરશે.

અબલા, જીવન હાય - તુમ્હારી યહી કહાની

તંત્રીસ્થાનેથી...

સ્ત્રીઓ વિશે મહાનુભાવો નિર્દોષભાવે કોઈ ટિપ્પણી કરી બેસે છે તો પમ હિત ધરાવતાં તત્ત્વો એનો કાગનો વાઘ કરી બેસે છે તે હમણાં રાહુલ ગાંધી અને મોહન ભાગવતનાં હળવા મૂડમાં કરાયેલા વિધાનો ઉપર થયેલ તોપમારાથી પ્રતિપાદિત થયું. રાહુલ જરા જુદા ટોનમાં 'આર એસ એસમાં મહિલાઓને કોઈએ શોર્ટ્સમાં જોઈ છે ? મેં તો નથી જોઈ !' કહી વિદ્યાર્થી સમૂહને મનોરંજન પીરસતાં પીરસતાં કોંગ્રેસનાં મહિલા સમુદાયને પૂરતું મહત્ત્વ આપવામાં આવે છે જયારે ભાજપના વિચારો જુનવાણી છે - એવું જણાવવા માગતા હતા. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલથી લઈ સુષમા સ્વરાજ સુધીની મહિલા નેતાઓને વણમાગ્યો મુદ્દો મળી ગયો અને રાહુલ પાશ્ચાત્ય શૈલીનો ઉછેર ધરાવતા હોઈ એમના માનસમાં અશ્લીલતા અનુસ્યૂપ છે, એવો વાહિયાત પ્રચાર શરુ થઈ ગયો છે. આનંદીબેને તો આ મુદ્દે એમની ઝાટકણી કાઢી જ છે પરંતુ કેન્દ્રીય મંત્રી સુષમા સ્વરાજે એમના ટાઉન હોલ કાર્યક્રમમાં આ મુદ્દો કોઈ જવાબ આપવાને લાયક જ નથી એમ કહી રાહુલને ઉતારી પાડવાનો પ્રયાસ કર્યો છે. ભાગવતે વળી રંગમાં આવી જઈ સ્ત્રીને પુરુષની સેવા કરવા માટે 'સુખ' આપવા માટે જ કુદરતે સરજી હોય એ મતલબનું નિવેદન કરી લગ્નને એક પ્રકારનો 'કોન્ટ્રાક્ટ' કહી દીધું, જે ભારતીય વિચારસરણીનો છેદ ઉડાડનારી વ્યાખ્યા છે. લગ્નને ભારતીય સંસ્કારો મુજબ તો ભવોભવનું પવિત્ર બંધન માનવામાં આવેલ છે. સપ્તપદીના અગ્નિની સાક્ષીએ ફેરા ફરીને પતિપત્ની સુખદુ:ખના સાથી તરીકે એકમેકનો આજીવન સાથ નિભાવવાનો સંકલ્પ કરે છે. આર એસ એસ જેવી રાષ્ટ્રીય હિંદુ સંસ્થાના વડાને મજાકમાં પણ લગ્નને 'કોન્ટ્રાક્ટ' અને સ્ત્રીને માત્ર સુખ આપનારું સાધન ગણાવતું નિવેદન કર્યું હોય તો તે ખરેખર વખોડવા પાત્ર ગણાય. પરંતુ કોંગ્રેસમાં હજી ભાજપ જેવી ત્વરિત પ્રતિક્રિયા આપવાની કે એનો રાજકીય ફાયદો ઉઠાવવાની ક્ષમતા કેળવવાની બાકી છે. ભાગવતના મોઢેથી સરી પડેલા શબ્દો કોઈ કોંગ્રેસી નેતાના મોઢેથી નીકળ્યા હોત તો અત્યાર લગી હોબાળો મચી ગયો હોત. મહિલાઓ વિશે મજાકિયા સૂરમાં વાત કરવાની પ્રથા પડી ગઈ છે, પરંતુ હવે મહિલાઓ અસહિષ્ણુ બની ગઈ છે. તેઓ તાબડતોબ મેદાનમાં આવી જતી હોય છે. ત્રાણવકોર દેવસ્વોમ બોર્ડના ચેરમેન શબરીમાલા મંદિરમાં મહિલાઓને પ્રવેશ આપવાથી મંદિરમાં જ યૌનશોષણ શરૂ થઈ જવાની સંભાળવા પરત્વે ધ્યાન ખેંચતાં એમને જરા વધુ પડતા ઉત્સાહમાં આવી જઈ પોતે શબરીમાલા તીર્થને થાઈલેન્ડ જેવું યૌનશોષણ ધામ બનાવવા નથી માગતું એવું કહી વિવાદનો મધપૂડો છંછેડાયો છે. આ સપ્તાહની જ નહીં બલકે દેશને સદીઓ સુધી શરમજનક સ્થિતિમાં મૂકી દેતી ઘટના દક્ષિણ ભારતમાં હૈદરાબાદ ખાતે બની છે, જેમાં મુસ્લિમ સમાજનું ટોળું એમના સમાજમાં પરણેલી પરંતુ બૂરખો પહેરવાનો ઈનકાર કરતી યુવતીને સરે જાહેર રસ્તા પર પેટ્રોલ છાંટીને જીવતી સળગાવતું દેખાય છે. આવા વીડિયો વાઈરલ ન થવા જોઈએ એવું કદાચ અદાલત પણ કહેશે, પરંતુ જે હકીકત છે, પેલી નિર્દોષ યુવતીનું અંગેઅંગ આગની જવાળાઓ વચ્ચે તરફડી રહ્યું છે અને સામે ઊભેલું ટોળું કિકિયારીઓ પાડી એનો આનંદ માણી રહ્યું છે તે શું સૂચવે છે ? સુસંસ્કૃત હોવાનો અને સ્ત્રીઓને સમાન અધિકારો આપ્યા હોવાનો દાવો કયા મોઢે કરી શકીશું ?

બદનક્ષીના કેસો આજદિન સુધી અનિર્ણિત

ફોજદારી ધારાની કલમ ૪૯૯, ૫૦૦, ૫૦૧ મુજબની ફરીયાદમાં આજદિન સુધી દંડ કે સજા થઈ નથી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કોઈપણ વ્યક્તિ દ્વારા અન્ય કોઈની સામાજીક બદનામી થાય તેવા શબ્દ પ્રયોગનો ઉપયોગ કરવો કે લખાણ લખવા, લોકશાહી દેશમાં સર્વને વાણી સ્વતંત્રતાનો અધિકાર છે પરંતુ કોઈની સામાજીક વ્યક્તિગત ઈમેજને ઠેસ પહોંચે તે પ્રકારના બદનક્ષી કરી વ્યવસાઈક સામાજીક બદનામી કરતા લખાણ કે શબ્દનો પ્રયોગ કરી શકાય નહિ.

કોઈપણ વ્યક્તિ વિરૂધ્ધ આધાર પુરાવા સીવાય બદનક્ષી કરતું લખાણ કે શબ્દ પ્રયોગ કરી બેફામ બફાટ કરવો વાણી વિલાસ કરી કોઈને નીચા બતાવવા અથવા પ્રયાસ એટલે બદનક્ષી કોઈપણ વ્યક્તિની બદનક્ષી કરવા કાયદો આપણને અધિકાર આપતો નથી.

બદનક્ષીની આર્થીક વળતરનો દાવો કરાય તો મેટર સીવીલ મેટર ગણાય પરંતુ બદનક્ષીની ફોજદારી ફરીયાદ કલમ ૪૯૯, ૫૦૦, ૫૦૧ મુજબ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની ફોર્ટમાં થઈ શકે છે.

સમાજમાં સામાન્ય વર્ગથી સવિશેષ દરજ્જો ધરાવતા સામાજીક કાર્યકર, રાજકીય આગેવાન, ઉદ્યોગપતિ દરજ્જો ધરાવતા વ્યક્તિને નિશ્ચિત હેતુ સાથે હેતુ વગર વિવાદમાં ઠસડવાનો પ્રયાસ થાય ત્યારે બદનક્ષીની ફરીયાદ થતી રહે છે.

બદનક્ષીના હાઈપ્રોફાઈલ કેસો પણ નિર્ણય વગર અનિર્ણીત રહે છે અથવા તો કંટાળી ફરીયાદ પરત ખેંચે છે અગર તો કોર્ટ બહાર સમાધાન પક્ષકારો કરી લે છે અંદરખાને ફરીયાદ, દાવાદુવી ઉપર પૂર્ણ વિરામ મુકવામાં આવે છે જેની વિગતો જાહેર થતી નથી.

આજદિન સુધી બદનક્ષીના કેસમાં દંડ કે સજાના કિસ્સા સુપ્રિમ કોર્ટ સુધી ધ્યાનમાં નથી વિવાદ ઘેરો બને અને બદનક્ષીનો કેસ કરાતા જે તે સમયે વિવાદ ઉપર બ્રેક લાગે છે અને બાબત કોર્ટમાં નિર્ણય ઉપર છે તેમ માની સમાજમાં પણ ચર્ચા બંધ થાય છે. લોકો બે ચાર દિવસ સુધી ચર્ચા કર્યા પછી નવો વિવાદ આવતા ભુલી જાય છે કોર્ટમાં શું થયુ તેની પણ જાણ શુધ્ધા પબ્લીકને થતી નથી કે કરવામાં આવતી નથી કુલડીમાં ગોળ ભાંગી વાત પતાવવામાં જ બન્ને પક્ષકારોને રસ હોય છે.

પીએસઆઈ સહિત ૧૩ લોકોને બંધક બનાવવાના કિસ્સામાં આઈપીએસ વિપુલ વિજોયની ૧૦૦ કરોડની બદનક્ષીનો દાવો અનિર્ણીત છે. અરૂણ જેટલી તથા કેજરીવાલનો કિસ્સો મીડીયામાં ખુબ જ અર્ચાસ્પદ બનેલ કોર્ટ રૂમ વકિલોથી ભરાઈ જતો દલીલો સાંભળવા પરંતુ ત્યારબાદની મુદતમાં શું થયું તે પ્રશ્નાર્થ ચિન્હ આવી જાય છે.

હાલમાં જય શાહનો બદનક્ષીનો કેસ ચર્ચામાં છે જય શાહે ૧૦૦ કરોડની બદનક્ષીનો દાવો કરેલ છે તેથી વાત ઉપર પૂર્ણવિરામ મુકાશે થોડા દિવસ ચર્ચાના અંતે ધીનાઠામમાં ઘી પડશે પ્રજા વાત ભૂલી જશે.

એજ રીતે ચર્ચાસ્પદ પુસ્તક ૧૧ સાલ સલાખો કે પીછે જે મુફતીએ લખેલ પૂર્વ ડીઆઈજી ઉપરના પુસ્તક સામે ડીઆઈજીએ ૧૦૧ કરોડની બદનક્ષીનો દાવો કરેલ છે જે પણ હાલમાં કોર્ટમાં અનિર્ણીત છે જેમાં પૂર્વ ડીઆઈજીએ ૨૮ પાનાની ફરીયાદ પણ દાખલ કરેલ છે જેમાં મુફતીએ જવાબ રજુ કર્યા બાદ કેસ કોર્ટમાં પડતર છે.

રઈસ ફિલ્મ સામે લતીફની પુત્રીએ કરેલ ૧૦૧ કરોડની બદનક્ષીનો દાવો શાહરૂખ ખાન અને ફિલ્મ પ્રોડયુસરને લતીફને દારૂના વેપારી, હત્યારા, ડોન તરીકે ચિતરવા બદલ કરેલ લતીફની પુત્રીએ કરેલ દાવો પેન્ડીંગ છે. ફિલ્મ પ્રોડયુસરને ખોટી પ્રસીધ્ધિ મેળવી ફિલ્મ હીટ કરવાના આવા પ્રોપરગંડા સામે નોટીસ કાઢી સંતોષ માનવો પડયો છે.

મોદી મુસ્લીમ અને મીડીયા નામના પુસ્તક વિચમોચન સમારંભ દરમ્યાન મધુ કિશ્વરે પત્રકારો સમક્ષ બફાટ કરેલ કે ૨૦૦૨ ના કોમી રમખાણમાં હિંમતસીંહ પટેલ સામેલ હતા જે

અનુસંધાન પાના નં. ૭ પર

આ દિવાળીનો સંકલ્પ : ભેળસેળ તો નહીં જ...

વિસરાતી વાનગી

ઘઉંના મીઠા ઢોકળાં

સામગ્રી :
ઘઉં, ઘી, ગોળ, પીસેલી ખાંડ

રીત :
સૌપ્રથમ ઘઉંને આખા શેકવા, અડધા ફૂટી જાય ત્યાં સુધી, ત્યારબાદ ઠંડા પાડીને ભાખરી જેવું દળી લેવું. હવે આ લોટની અંદર ઘી તથા ગોળનું ગરમ પાણી વડે કઠણ લોટ બાંધી મુઠિયા, (ઢોકળા) બનાવી વડનાં પાનમાં મૂકી બાફી લેવા. ચઢી જાય ત્યારે બહાર કાઢી ઠંડા કરી લેવા. અને દળેલી ખાંડ અને ઘી સાથે પીરસવા.

અંધકારને દૂર કરવા માટે ઘેરઘેર દીપક હોય એવી યોજના કરવી પડશે. એને બદલે સૂર્ય, ચંદ્ર કે તારાઓની જ રાહ જોયા કરશું તો કામ નહીં ચાલે. આજે ઘેરઘેર દીવો નથી પ્રકાશતો તેનું કારણ એ છે કે લોકોને પોતાની શક્તિનું ભાન નથી. લોકોને અંદરથી એવી ખાતરી નથી થકી કે, અમારી સમસ્યાઓ અમે જાતે ઉકેલી શકીશું. દરેક વાતમાં સરકારને યાદ કરે છે. સરકારનું તો એટલું નામ લે છે કે ભગવાનનેય ભૂલી જાય છે!

- વિનોબા ભાવે

દીવાળીનું પર્વ એટલે ભારતપર્વનું સૌથી મોટું અને માનીતું પર્વ. આખાયે દેશભરમાં ખુશીની અને સુશોભનની લહેર થોડા દિવસ છવાયેલી રહેશે. આજે દેશની સ્થિતિમાં ઘણો સુધારો આવ્યો છે જેના પરિણામે સુખ-સમૃદ્ધિ પહેલાના પ્રમાણમાં વધુ જોવા મળે છે. તેમ છતાં આજે પણ જે ગરીબી રેખાની નીચે જીવતો વર્ગ છે તે તકલીફમાં જ છે. જો કે કયાંક એના મૂળમાં આળસ, અજ્ઞાન અને વ્યસન તેમની આ અવદશા માટે જવાબદાર હોવાનું જણાય છે. શ્રી ગુણવંત શાહ લખે છે તેમ,

'થાકીને ઊંઘી જવું, એ પ્રત્યેક માણસનો જન્મસિદ્ધ અધિકાર છે. થાક્યા વગર ઊંઘી જવું એ જ ખરો ભ્રષ્ટ આચાર છે. પૂરતા થાક પછીની ઊંઘ સ્વાદિષ્ટ હોય છે. ખરી ભૂખ પછીનું ભોજન સ્વાદિષ્ય હોય છે. પ્રતિક્ષા પછીનું મિલન અભીષ્ટ હોય છે. મફતનો રોટલો, નવરાશનો ઓટલો અને રોગનો ખાટલો એ ત્રણે સગા ભાઈઓ છે. આ ત્રણેની એકની એક બહેનનું નામ ગરીબી છે. આ ચારે સંતાનોની સગી માતાનું નામ આળસ છે. સંયુક્ત પરિવાર તે આનું નામ !'

અંધકારને તોડીને ઉજાસ લાવવા માટે આપણા શરીર અને મન બંનેએ પ્રામાણિકપણે કામ કરવું પડશે. કોઈ અન્ય આવીને આપણને આ અંધકારમાંથી ઉગારી લેશે એવો ભ્રમ રાખ્યા વિના આપણે જ આપણામાં રહેલા અજ્ઞાન અને અવગુણને દૂર કરવા પડશે.

અંધકારના પ્રકાર અનેક હોઈ શકે. અંધકારનો એક પ્રકાર એટલે જીવનમાં આવનારી તકલીફો અને મુશ્કેલીઓ. તકલીફ આવે ત્યારે મોટા ભાગે વ્યક્તિ 'આમ કર્યું હોત' તે 'તેમ કરવું જોઈતું હતું' તેવા વિચારો કર્યાં કરે છે પણ ખરેખર અમુક સમસ્યાઓ જીવનના ભાગરૂપે જ જીવનમાં પ્રવેશી જતી હોય છે અને આપણી તમામ શક્તિઓ એ સમયે સાવ જ નક્કામી બની જતી હોય છે. માટે સૌ પ્રથમ તો એ સમસ્યાને સ્વીકારવી એ જ પણ તેના નિવારણ માટેનું પ્રથમ પગથિયું બની શકે છે. ત્યારબાદ સમસ્યાને સ્વીકારી લેવાને કારણે 'મારી સાથે જ કેમ ?' એ પ્રશ્ન પણ શમી જાય છે અને આ સમસ્યારૂપી અંધકારમાંથી બહાર કઈ રીતે આવી શકાય તે વિષે વ્યક્તિ વિચારવા લાગે છે. કોઈ પણ પરિસ્થિતિમાં સમતા રાખવાનું આપણને સંત-મહાત્માઓ આ જ કારણથી સૂચવે છે. પણ ખરેખર એ ખૂબ અઘરું હોય છે. જયારે જીવનમાં કોઈ પણ પ્રકારની મૂંઝવણ કે તકલીફ આવે ત્યારે શું ગુમાવ્યું તેના કરતાં હજી શું આપણી પાસે બચ્યું છે એમ વિચારીએ તો ૫૦ % મુશ્કેલી ત્યારે જ ઓછી થઈ હોય તેવું લાગવા માંડે છે અને આપણા દુ:ખ કરતાં પણ અન્યથી વધુ મોટો મુશ્કેલીઓ જોઈએ ત્યારે આપણે તેમાંથી ઝડપથી બહાર આવી શકીએ છીએ.

'પોષ મહિનાની કડકડતી ટાઢમાં, ઘાસની ઝૂંપડીમાં રહેતી એક માતા રાતને વખતે પોતાના બાળકને જૂનાં છાપાં અને ઘાસનાં પૂળાથી ઢબૂરીને સુવડાવી દેતી. એક રાતે બાળકે પૂછ્યું, 'હેં માં, જેની પાસે છાપાં ને ઘાસ ન હોય એવા ગરીબ લોકો આવી ટાઢમાં શું કરતા હશે?'

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

આજે આપણી આસપાસ આપણે ભ્રષ્ટાચાર અને પ્રદૂષણ નામે બે સૌથી વધુ કરાવનારા દૂષણો જોઈએ છીએ ત્યારે તેમાંથી બહાર આવવાના પ્રયાસો કરવાની શરુઆત કરીને આ અંધકારને દૂર કરી એક જયોત ઈમાનદારી અને સ્વચ્છતાના નામે પ્રજ્વલિત કરી શકાય. અન્ય બાબતોમાં મોડું થશે તો કદાચ ચાલી જશે પણ ખાવાની વસ્તુઓમાં થતી ભેળસેળ આપણા સૌના માટે સૌથી વધુ ભયાનક પ્રશ્ન સમી છે. આપણે સૌએ આપણી આ નૈતિક ફરજને સમજવી અને નિભાવવી જ પડશે. આ ભેળસેળ નહિ અટકાવવામાં આવે તો બી.પી., ડાયાબિટીસ અને કેન્સર જેવી ગંભીર બિમારીઓ ઉત્તરોત્તર વધતી જ રહેશે. ખાણીપીણીની વસ્તુઓમાં ભેળસેળ એ આપણી આવનારી પેઢીઓને રોગરહિત અને ક્ષીણ કરી મૂકશે. માટે એ બાબત તો સદંતર ન જ ચલાવી લેવી એવો સૌનો સહિયારો પ્રવાસ રહેવો જોઈએ.

બીજી એક એવી જ મહત્ત્વની બાબત છે. આપણી દવાઓ આપણે ત્યાં દવાઓમાં ભેળસેળ કરનાર પણ ખૂબ મોટો ગુનો કરી રહ્યા છે. જે ડૉકટરને લોકો ભગવાન સમાજ પૂજ્ય ગણતા હોય તેમણે ભગવાન ન બની શકે તે 'માનવ' બનવાની પણ ના પાડી દે તો એથી વધુ ઘૃણાસ્પદ અને ભયજનક શું હોઈ શકે ? દવાની ચોરી કે ભેળસેળ એ પણ કોઈના શરીર ને તેની બિમારી સાથેની છેડછાડ ગણાય જે ખરેખર એક અક્ષમ્ય અપરાધ ગણાય. ધીરે-ધીરે આપણે સ્વચ્છતા અને પ્રદૂષણમુક્ત વાતાવરણના આગ્રહી બની રહ્યા છીએ ત્યારે ખાવાની અને દવાની બાબતોની ભેળસેળને પણ અટકાવીને રોગમુક્ત જીવન જીવવા કટિબદ્ધ બનીએ તે જરૂરી છે. આપણે ઈશ્વર નથી અને ન તો આપણી પાસે કોઈના દુ:ખ, દર્દ દૂર કરી શકવાની કોઈ જાદુઈ લાકડી છે પણ આપણા કારણે કોઈ નિર્દોષ પીડા કે તકલીફ ન જ ભોગવે એ જોવું અત્યંત આવશ્યક બાબત ગણાય. તો આવો, દિપાવલીના આ પાવન પર્વે સંકલ્પ કરીએ કે કોઈના શરીરને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હાનિ ન પહોંચે તેનો ખ્યાલ રાખીશું અને દવાઓ તેમજ ખાણીપીણીની વસ્તુઓણાં કોઈ પણ ભોગે ભેળસેળ કરીશું પણ નહીં અને જો કોઈ કરે તો તે પણ ચલાવી શકીશું નહિ જ !

- nehalgadhavi101@gmail.com

દેશની પ્રતિષ્ઠિત ભારતીય યુનિવર્સિટીઓના નામાંતર માટે ઉધામા

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

પોતાની શતાબ્દીની ઊજવણીને આરે આવીને ઊભેલી ભારતની બે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓનાં નામ બદલવાનું રાજકારણ જોરમાં છે : જાહેર જનતા અને રાજા-રજવાડાં કનેથી ધન એકઠું કરીને મહામના પંડિત મદન મોહન માલવિયાએ ૧૯૧૫માં સ્થાપેલી બનારસ હિંદુ યુનિવર્સિટી (બીએચયુ) અને લોકનિધિમાંથી સર સૈયદ અહમદ ખાનના પ્રયાસોથી ૧૯૨૦માં સ્થપાયેલી અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ)માંથી

- જસ્ટિસ ચાગલાનું સ્વપ્ન હતું કે બીએચયુમાંથી 'હિંદુ' અને એએમયુમાંથી 'મુસ્લિમ'શબ્દ દૂર થાય
- મહામના માલવિયાની દૃષ્ટિએ ભારત દેશ માત્ર હિંદુઓનો નહીં, મુસ્લિમો, ખ્રિસ્તીઓ, પારસીઓનો પણ
- એએમયુ અને જામિયા મિલિયાને પાકિસ્તાનના સર્જન માટે જવાબદાર ગણાવવાનું ભૂલભરેલું ગણાય
- વંચિતોને શિક્ષણની શ્રેષ્ઠ સુવિધાઓ આપતી સંસ્થાનો લઘુમતી દરજ્જો દૂર કરવાનો વિવાદાસ્પદ આગ્રહ

અનુક્રમે 'હિંદુ' અને 'મુસ્લિમ' શબ્દ કાઢીને ભારત સરકારની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) સંસ્થા આ બંને સંસ્થાઓને ધર્મનિરપેક્ષ (સેક્યુલર) વાઘા પહેરાવવા કૃતસંકલ્પ છે.જોકે કેન્દ્રીય સંસાધન મંત્રી પ્રકાશ જાવડેકરે હાલપૂરતો દિલાસો આપ્યો છે કે ભારત સરકારે આવો કોઈ નિર્ણય કર્યો નથી.

યુજીસીએ કેન્દ્રના માનવ સંસાધન મંત્રાલયના આગ્રહને પગલે દેશની ૧૦ પ્રતિષ્ઠિત અને કેન્દ્રીય યુનિવર્સિટીઓના આર્થિક વ્યવહારના ઓડિટ માટે ૨૫ એપ્રિલ ૨૦૧૭ના રોજ પાંચ સમિતિઓ નિયુક્ત કરી હતી. 'શેઠ કરતાં વાણોતર ડાહ્યો' જેવી ઉક્તિને સાર્થક કરતાં જે તે શિક્ષણ સંસ્થાના આર્થિક વ્યવહારમાં ગેરરીતિઓનો અહેવાલ આપવાના નિર્દેશ છતાં સમિતિઓના હમણાં આવેલા અહેવાલમાં ઉપરોક્ત બંને યુનિવર્સિટીનાં નામાંતર કરવા અને તેમના નામમાંથી 'હિંદુ' અને 'મુસ્લિમ' શબ્દ દૂર કરવાની ભલામણ કરવા ઉપરાંત એએમયુના ઉપકુલપતિની નિયુક્તિ માટેની પ્રવર્તમાન પ્રક્રિયાને બદલે એ કાર્યવાહી સરકાર હસ્તકની સમિતિને સુપરત કરવાની ભલામણ કરીને સંબંધિત બંને કેન્દ્રીય યુનિવર્સિટીઓની સ્વાયત્તતાને સમાપ્ત કરવાની દિશામાં પગલાં લેવાનો અહેવાલ આપ્યો છે.એએમયુની જેમ જ પોતાની રીતે સમિતિ ગઠિત કરીને કુલનાયક (વાઈસ ચાન્સેલર) નિયુક્ત કરવાની ગૂજરાત વિદ્યાપીઠની સ્વાયતત્તા પણ સમાપ્ત થવાનું ય હવે હાથવેંતમાં જ છે.

મૂળ કચ્છના મર્ચન્ટ પરિવારના મુંબઈનિવાસી જસ્ટિસ મોહમ્મદ કરીમ ચાગલા નેહરુ સરકારમાં અને ઈંદિરા સરકારમાં કેબિનેટ પ્રધાન પણ રહ્યા છે. એ પહેલા તેઓ મુંબઈની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ હતા. જસ્ટિસ ચાગલા કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલા નહોતા છતાં એમની પ્રતિભાને કારણે નેહરુ સરકાર અને ઈંદિરા સરકારમાં પ્રધાનપદ સહિતના હોદ્દે રહ્યા. જોકે, ઈંદિરા ગાંધીએ ૧૯૭૫-૭૭ દરમિયાન ઈમર્જન્સી લાદીને નાગરિક અધિકારોને કુંઠિત કર્યા ત્યારે એની સામે પણ તેઓ જંગે ચડ્યા હતા. ૧૯૮૦માં ભારતીય જનતા પક્ષના મુંબઈમાં યોજાયેલા પ્રથમ અધિવેશનમાં આશીર્વાદ આપીને ભાજપને ભવિષ્યની રાજકીય પાર્ટી લેખાવવામાં પણ જસ્ટિસ ચાગલાએ સંકોચ કર્યો નહોતો. જસ્ટિસ ચાગલાએ પોતાનાં સંસ્મરણ 'રોઝીઝ ઈન ડિસેમ્બર'માં નોંધ્યું છે કે (શિક્ષણ) પ્રધાન તરીકેના મારા સમયગાળામાં બનારસ હિંદુ યુનિવર્સિટી (બીએચયુ)નો કાનૂન સંસદમાં ચર્ચા માટે આવ્યો ત્યારે એમાંથી 'હિંદુ' શબ્દ દૂર કરવા માટે મેં વિનવણી કરી હતી. સાથે જ અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ)ના કાયદાની વિચારણા વેળા તેમાંથી 'મુસ્લિમ' શબ્દ પણ દૂર થાય એ માટેની મારી કોશિશ રહેશે, એવી ખાતરી મેં સંસદને આપી હતી. કાયદામાં સુધારા માટેનું વિધેયક સિલેક્ટ કમિટી સમક્ષ ગયું, પણ એ મુજબના મતની ભલામણ કરાવવામાં અમે થોડાકમાં જ નિષ્ફળ રહ્યા. વિધેયક જ્યારે રાજ્યસભામાં વિચારણા માટે આવ્યું ત્યારે મારા મતનો આદર કરીને ગૃહે પંડિત મદનમોહન માલવિયાની સેવાઓની કદર કરીને એમનું નામ યુનિવર્સિટી સાથે જોડવા સંમતિ આપી. લોકસભામાં જ્યારે આ વિધેયક ગયું ત્યારે મુશ્કેલી સર્જાઈ. બનારસમાં હિંસક આંદોલન ફાટી નીકળ્યું અને લોકસભામાં પ્રભાવી લોબી જૂના નામને જ જાળવી રાખવાના મતની હતી એટલે એ સંદર્ભે લોકસભાએ નિર્ણય કર્યો અને આખરે રાજ્યસભાએ પણ લોકસભાએ મંજૂર કરેલા વિધેયકને મંજૂર રાખવું પડ્યું. લોકસભાએ ભલે 'બનારસ હિંદુ યુનિવર્સિટી' નામ જ ચાલુ રાખ્યું, પરંતુ ચાગલા તો પોતાના મત પર છેક સુધી અડગ જ હતા. જોકે, બંને ગૃહોના નિર્ણય સામે એ વિવશ હતા, પરંતુ 'ભારતમાં મુસ્લિમો લઘુમતીમાં નથી' એવું સંયુક્ત રાષ્ટ્રમાં નેહરુ સરકારના પ્રતિનિધિ તરીકે કહેવાની હિંમત દાખવનાર જસ્ટિસ ચાગલા છેલ્લે સુધી અંગત રીતે માનતા રહ્યા હતા કે 'હિંદુ' અને 'મુસ્લિમ' બંને શબ્દો યુનિવર્સિટીઓનાં નામોમાંથી દૂર કરાવાં જોઈએ. એમનો મત હતો કે સંસદમાં સભ્યો વ્હીપ (પક્ષના આદેશ મુજબ મતદાન કરવા) આપવાને બદલે મુક્ત મને મત આપવાની મોકળાશ બક્ષવામાં આવી હોત તો એમના મત મુજબ જ 'હિંદુ' અને 'મુસ્લિમ' બંને શબ્દો દૂર થઈ શક્યા હોત!

કમનસીબે ભારતીય શાસકો કે વિપક્ષો ધાર્મિક દૃષ્ટિએ જ દેશની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓને મૂલવવા કે તેમના નામમાં ફેરફાર કરવાની દિશામાં આગળ વધી રહ્યા હોય ત્યારે બનારસ હિંદુ યુનિવર્સિટીના સંસ્થાપક અને કોંગ્રેસ તથા હિંદુ મહાસભાના બબ્બે વાર રાષ્ટ્રીય અધ્યક્ષ રહેલા પંડિત મદન મોહન માલવિયાજીના શબ્દોને ભાગ્યે જ કોઈ કાન દે છે. માલવિયાને નામે રાજકારણ ખેલનારાઓએ બીએચયુની સત્તાવાર વેબસાઈટ પર અંકિત પંડિતજીના કથનને ફરી ફરી વાંચીને પચાવવાની જરૂર છે. મહામના

અનુસંધાન પાના નં. ૭ પર